# રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી જઈ ભાજપે ઉમેદવારી નોંધાવી

ગાંધીનગર, તા. ૬
ભારતીય જનતા પક્ષના ઉમેદવાર તરીકે ગઈકાલે જાહેર થયેલ પ્રણવ પટેલ આજે રેલી સ્વરૂપે ગાંધીનગર પ્રાંત અધિકારીની કચેરીએ પહોંચ્યા હતા.

સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતેથી આરંભાયેલી રેલી પંચદેવ મંદિર સે. ૨૨માં થઈ અને પ્રાંત અધિકારીશ્રીની કચેરીએ પહોંચી હતી.

પ્રણવ પટેલે આજે બપોરે ૨.૧૫ પછી પોતાની ઉમેદવારી નોંધાવી હતી. તેમણે જયારે ઉમેદવારી નોંધાવી ત્યારે મહામંત્રી કે.સી. પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, પૂર્વ મંત્રી વાડીભાઈ પટેલ, પૂર્વ ગુડા ચેરમેન અશોકભાઈ ભાવસાર, આશિષભાઈ દવે, પૂર્વ મેયર પ્રવિણ પટેલ, મહેન્દ્રસિંહ રાણા, શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, મેયર રીટાબેન પટેલ, ડે. મેયર નાઝાભાઈ ધાંધર, સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, કાઉન્સીલરો બરખાબેન જહા, પ્રિતીબેન દે, કાર્તિક પટેલ, નીતિન પટેલ, નરેશ પરમાર, પૂર્વ કાઉન્સીલર સુરેશ મહેતા, સંગઠનના અગ્રણીઓ મુકેશભાઈ મહેતા, ઉમેશભાઈ જહા, કેતન પટેલ, ઉરેન પટેલ સહિત કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પ્રણવ પટેલે ઉમેદવારી નોંધાવ્યા બાદ તેમના ડમી ઉમેદવાર તરીકે અમીત પટેલે પણ ઉમેદવારી નોંધાવી હતી.

પ્રણવ પટેલની ઉમેદવાર તરીકેની દરખાસ્ત પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાએ કરી છે. પ્રણવ પટેલની આજની રેલી કલેક્ટર કચેરીમાં આવી પહોંચી ત્યારે ભારત માતાકી જયના નારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતુ.

ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ મેયર પ્રવિણ પટેલે હોદ્દા પરથી અને કાઉન્સીલર તરીકે રાજીનામુ આપતાં આ પેટા ચૂંટણી યોજાઈ રહી છે.

પ્રણવ પટેલની આ રેલીમાં બે ખુલ્લી જીપ, મોટરસાયકલો, ખાનગી કારોનો કાફલો જોડાયો હતો. એક ખુલ્લી જીપમાં મેયર રીટાબેન પટેલ અને મહિલા મોરચાના આગેવાનો હતા જયારે બીજી જીપમાં પ્રણવ પટેલ, કે.સી. પટેલ સહિતના આગેવાનો હતા.





## પ્રણવ પટેલની રેલી બે કલાક મોડી શરૂ થઈ

ગાંધીનગર મહાનગરપાલિકાની વોર્ડ નં. ૩ની પેટા-ચૂંટણીના ઉમેદવાર પ્રણવ પટેલની રેલી આજે નિર્ધારિત કરેલ સમય કરતાં બે કલાકથી પણ વધુ મોડી પડી હતી.

સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ભાજપના સંગઠન પર્વ નિમિત્તે ચાલી રહેલી બેઠકને કારણે તેમની રેલીનો પ્રારંભ મોડો શરૂ થયો હતો.

સંગઠન પર્વની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પ્રવચન વારાસણીથી લાઈવ ચાલી રહ્યુ હતુ તેથી કાર્યકરો અને આગેવાનો તેમાં વ્યસ્ત બન્યા હતા. પ્રણવ પટેલની રેલી સ્ટાફ ટ્રેનીંગ કોલેજથી આરંભાયા બાદ જેમ જેમ આગળ વધી હતી તેમ કાર્યકરોએ તેમનું અભિવાદન કર્યું હતું.

## હજુ વરસાદ માટે એક અઠવાડિયુ રાહ જોવી પડશે

ગાંધીનગર, તા. ૬
વરસાદી માહોલ છવાયો છે પરંતુ હજુ સુધી ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં મેઘરાજા ધોધમાર વરસતા નથી. સાર્વત્રિક ધોધમાર વરસાદ માટે ઉત્તર ગુજરાતે હજુ એક સપ્તાહની રાહ જોવી પડશે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં આગામી ૧૫ થી ૨૨ જુલાઈ દરમ્યાન વરસાદ પડશે.

ગુજરાતમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ થવામાં છે. જયારે રાજ્યના ઘણા ભાગોમાં હજુ વાવણીલાયક વરસાદ નથી. ઘણી વખત મીશ્ર પવનો વાતા ચોમાસુ વાદળો છિન્નભિન્ન થતા હોય છે. બંગાળના ઉપસાગર પર વાદળો ફંટાઈ જવાથી ગુજરાતના ભાગોમાં ઘણી વખત વરસાદ ઓછો થતો હોય છે. જોકે અરબી સાગરના વહનથી દરિયાકિનારાના ભાગોમાં વરસાદ વરસતો હોય છે. ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતા આગામી તા. ૭ થી ૯માં દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા રહેશે. અષાઢ સુદ પાંચમની વીજળી થાય તો વરસાદ સારો આવે. તા. ૧૦ થી ૧૨માં રાજ્યના ભિન્ન ભિન્ન ભાગોમાં વરસાદ રહે. તા. ૧૩ થી ૧૫માં દક્ષિણ મહારાષ્ટ્ર, મુંબઈ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ રહે. જયારે ૧૫ થી ૨૨માં ગુજરાતના ઘણા ભાગો સહિત ઉત્તર-મધ્ય ગુજરાતમાં પણ વરસાદની સંભાવના છે. કોઈ કોઈ ભાગોમાં ભારે વરસાદની શક્યતા રહે.

## ગોરંભાતા વાદળો વચ્ચે મેઘરાજા મિસકોલ કરીને સ્વીચ ઓફ મોડમાં

ગાંધીનગર તા ૬
ગાંધીનગરમાં વરસાદ છેલ્લા વરસાદ વારંવાર હાઉકલી કરી અદ્રશ્ય થઈ જાય છે. છેલ્લા બે ચાર દિવસથી આકાશમાં ગોરંભાયેલા વાદળો પણ વરસ્યા વિના જ વિદાય લેતા વરસાદની આશ ઠગારી નિવડે છે. રથયાત્રાના દિવસે પણ સતત વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસાવી મેઘરાજા ભગવાન જગન્નાથજીને ભીંજાવી ગાયબ થઈ ગયા હતા. મેઘરાજા મન મુકીને વરસે તેવી આશ સાથે ખેડુતોની નજર પણ નભ તરફ મંડરાઈ છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં મેઘરાજાએ મનભરીને હેત વરસાવ્યુ છે. સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતમાં પણ મેઘરાજાની શાહી સવારીએ ચોમેર પાણી પાણી કરી જનજીવનને તરબોળ કરી દીધુ છે ત્યારે ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતના શહેરોમાં મેઘરાજાનુ હજુ ધમાકેદાર આગમન થયુ નથી. અલબત્ત અત્યાર સુધી ગાંધીનગરમાં માંડ ૩ ઈંચ જેટલો વરસાદ થયો છે. શહેરમાં ભીંજારનો માહોલ રોજબરોજ જોવા મળે છે. પરંતુ મેઘરાજા મિસ કોલ કરી ગાયબ થઈ જાય છે. બીજીતરફ વાતાવરણમાં સતત વધતા ભેજના પ્રમાણની સાથે અસહ્ય ઉકળાટથી પણ નગરજનો પરેશાન થઈ ગયા છે. આવા સંજોગોમાં વરસાદ મનભરીને વરસે તે તરફ સૌ કોઈની મીટ મંડરાઈ છે. જયારે ખેડુતો પણ વરસાદની આશ સેવી રહ્યા છે. વરસાદ ખેંચાતા ખેડુતોમાં પણ ચિંતા પ્રવર્તી છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩.૬ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડીગ્રી રહ્યુ હતુ. સવારે ભેજનુ પ્રમાણ ૮૨ ટકા અને સાંજે ૬૭ ટકા રહ્યુ હતુ.



# વોર્ડ-૩માં વધુ ૬ ઉમેદવારો નોંધાયા

### ત્રણ અપક્ષ અને ત્રણ મુખ્ય રાજકીય પક્ષોના ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ : ૮મીએ ચકાસણી

ગાંધીનગર, તા. ૬
ગાંધીનગર મહાનગરપાલિકાની વોર્ડ નં. ૩ની યોજાનાર પેટા-ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ૬ ઉમેદવારોએ તેમના ઉમેદવારી પત્ર ભર્યા છે. આ સાથે આ બેઠક પર ચૂંટણી લડનારાઓની સંખ્યા ૭ પર પહોંચી છે.

આજે ત્રણ અપક્ષ ઉમેદવારો તેમજ એન.સી.પી. ઉપરાંત ભાજપના બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે અપક્ષ ઉમેદવાર હસમુખભાઈ વાળાએ ઉમેદવાર તરીકેની ડિપોઝીટ ભરતી વેળાએ પરચુરણના સિક્કા આપ્યા હતા.

ભાજપ તરફથી પ્રણવ પટેલના નામની દરખાસ્ત પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાએ કરી હતી. ભાજપ તરફથી ડમી ઉમેદવાર તરીકે અમીત પટેલે ઉમેદવારી નોંધાવી છે.

એન.સી.પી.ના ઉમેદવાર તરીકે અમરસિંહ ચૌહાણે આજે ઉમેદવારી નોંધાવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આ ઉમેદવારી સાથે એન.સી.પી.એ પ્રવેશ કર્યો છે.

ઉમેદવારી પત્ર ભરવાની ગણત્રીની મિનિટો બાકી હતી ત્યારે બે અપક્ષ ઉમેદવારો મોહિતસિંહ ઝાલા તેમજ જિતેન્દ્રભાઈ પટેલે અપક્ષ તરીકેની ઉમેદવારી નોંધાવી હતી.

મનપાના પૂર્વ મેયર અને કાઉન્સીલર પ્રવિણ પટેલે રાજીનામુ આપતાં આ બેઠકની પેટા-ચૂંટણી યોજાઈ રહી છે. આ એક બેઠક પરની પેટા-ચૂંટણીમાં ઉમેદવારોની સંખ્યા જોતાં પાટનગરના રાજકીય પ્રવાહો ઉત્તેજીત બન્યા છે.

હવે ૮મીએ સવારે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે જયારે ૯મી જુલાઈએ ઉમેદવારી પત્ર પાછુ ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

## ડિપોઝીટ તરીકે પરચુરણના સિક્કા ગણતાં એક કલાક તંત્રને લાગ્યો

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ની પેટા-ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર હસમુખભાઈ વાળા દ્વારા ઉમેદવાર તરીકેની ડિપોઝીટ પેટે પરચુરણના સિક્કાઓ રજુ કરાયા હતા. તંત્રએ ડિપોઝીટ તરીકે આ રકમનો સ્વીકાર કર્યો હતો જોકે સ્વીકાર કરતાં પહેલા તંત્રના અધિકારીઓએ તેમની બે વખત પૃચ્છા કરી હતી કે તમે ગણતરી કરીને લઈ આવ્યા છો ને ?

આ પછી ઉમેદવારી પત્ર ભરાઈ જવાની પ્રક્રિયા સંપન્ન થયા બાદ ૪ જેટલા કર્મચારીઓને સિક્કા ગણવા માટે બેસાડવા પડ્યા હતા. આ સિક્કા ગણવામાં તંત્રને એક કલાક જેટલો સમય લાગ્યો હતો.

ઉમેદવાર દ્વારા ડિપોઝીટ તરીકે પરચુરણના સિક્કા રજુ કરવાને લઈ આજે કર્મચારી આલમમાં પણ આ મુદ્દો ચર્ચાનો બન્યો હતો. તંત્રનો સમય વ્યય થાય છે તેમજ ચૂંટણીની અગત્યની કામગીરીમાં પણ અંતરાય ઉભો થતો હોય છે. એક રાજકીય આગેવાને તો આ વાતને લઈ જણાવ્યું હતું કે અખબારમાં ચમકવા માટે જાણી જોઈને આવુ કરવામાં આવે છે.


KALPA-TARU
POWER TRANSMISSION LIMITED
**કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ**
રજી. ઓફીસ : પ્લોટ નં. ૧૦૧, વિભાગ-૩, જીઆઈડીસી એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર-૩૮૨ ૦૨૮. CIN : L40100GJ1981PLC004281
ફોન : +૯૧ ૭૯ ૨૩૨૧૪૦૦૦ ફેક્સ : +૯૧ ૭૯ ૨૩૨૧૧૯૬૬
ઈ-મેલ : cs@kalpatarupower.com વેબસાઈટ : www.kalpatarupower.com

**૩૮મી વાર્ષિક સાધારણ સભા, ઈ-વોટીંગની માહિતી અને બુક બંધ અંગેની નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપની ના સભાસદોની ૩૮મી વાર્ષિક સાધારણ સભા (''એજીએમ'') મંગળવાર, તા. ૩૦ જુલાઈ, ૨૦૧૯ના રોજ સાંજના ૪:૦૦ કલાકે, કલ્પ-વૃક્ષ લર્નીંગ સેન્ટર, એ-૧ અને એ-૨, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેકટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ પર એજીએમ ની નોટીસમાં નિયત થયા મુજબના બિઝનેસ કરવા માટે યોજાશે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, એજીએમ નોટીસની સાથે જે સભાસદોના ઈ-મેઈલ એડ્રેસ ડીપોઝીટરી પાસેથી ઉપલબ્ધ થયા છે અથવા કંપની પાસે નોંધાયેલ છે તેમને ઈલેક્ટ્રોનીક પ્રકારે (ઈ-મેઈલ) તા. ૦૪ જુલાઈ, ૨૦૧૯ ના રોજ મોકલેલ છે અને જે સભાસદોના ઈ-મેઈલ એડ્રેસ ડીપોઝીટરી પાસે નોંધાયેલ નથી અથવા જેમને ભૌતિક સ્વરૂપે વાર્ષિક અહેવાલ મેળવવા વિનંતી કરેલ છે તે તમામ સભ્યોને માન્ય પદ્ધતિથી તેમના નોંધાયેલ સરનામે તા. ૦૫ જુલાઈ, ૨૦૧૯ ના રોજ સુધીમાં રવાના કરી દીધેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, એજીએમ નોટીસની સાથે કંપનીની વેબસાઈટ www.kalpatarupower.com ઉપર ઉપલબ્ધ છે.

કંપની ધારા, ૨૦૧૩ ની કલમ ૧૦૮ અને તે હેઠળ બનેલા નિયમો (''એક્ટ'') અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવારમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (''લિસ્ટીંગ રેગ્યુલેશન્સ'') ના રેગ્યુલેશન ૪૪ ની જોગવાઈઓને આધિન રહી સભ્યોને ''રીમોટ ઈ-વોટીંગ'' (એજીએમના સ્થળ સિવાયના અન્ય સ્થળે થી ઈલેક્ટ્રોનીક વોટીંગ) દ્વારા પોતાનું મતદાન કરવાની સુવિધા, સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિ. (''સીડીએસએલ'') ની ઈ-વોટીંગ સેવા, એજીએમ માં કરાનાર તમામ બિઝનેસ કામકાજો માટે પૂરી પાડવામાં આવેલ છે. રીમોટ ઈ-વોટીંગ સીસ્ટમ દ્વારા મતદાનની પદ્ધતિ એજીએમ ની નોટીસમાં સમજાવવામાં આવેલ છે. એજીએમ ની નોટીસ સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ છે.

રીમોટ ઈ-વોટીંગ ગાળાની શરૂઆત શુક્રવાર, તા. ૨૬ જુલાઈ, ૨૦૧૯ (સવારે ૯ કલાકે, ભારતીય સમય મુજબ) થી થશે અને અંત સોમવાર, તા. ૨૯ જુલાઈ, ૨૦૧૯ (સાંજે ૫ કલાકે, ભારતીય સમય મુજબ) ના રોજ થશે. આ સમયગાળા દરમ્યાન સભ્યો પોતાનું મતદાન ઈલેક્ટ્રોનિકલી કરી શકશે. ત્યારબાદ રીમોટ ઈ-વોટીંગ મોડ્યુલ સીડીએસએલ દ્વારા બંધ કરી દેવામાં આવશે.

સભાસદો જેમનું નામ રજીસ્ટર ઓફ મેમ્બર્સ / બેનીફીશીયલ ઓનર્સ તરીકે તા. મંગળવાર, ૨૩ જુલાઈ, ૨૦૧૯ ("cut-off date") ના રોજ નોંધાયેલ છે ફક્ત તેઓ જ રીમોટ ઈ-વોટીંગ / એજીએમ માં મત આપવાને લાયક બનશે. કોઈપણ વ્યક્તિ જેણે એજીએમ નોટીસ અને વાર્ષિક અહેવાલ રવાના થઈ ગયા પછી કંપનીના શેર ખરીદેલ હોય અને કંપનીના સભ્ય બનેલ હોય અને cut-off date પર શેર ધરાવતા હોય, તેઓ helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલીને સીડીએસએલ પાસે થી તેમના Login ID અને Password મેળવીને ઈલેક્ટ્રોનીકલી મત આપવાનો અધિકાર ધરાવે છે. પરંતુ, જે વ્યકિત ઈ-વોટીંગ માટે પહેલા થી જ સીડીએસએલ સાથે નોંધાયેલ છે તેઓ પોતાનો વર્તમાન Login ID અને Password નો ઉપયોગ કરી મતદાન કરી શકે છે.

મતપત્રક દ્વારા મતદાન કરવાની સુવિધા પણ એજીએમ માં ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે સભ્યોએ રીમોટ ઈ-વોટીંગ થી પોતાના મત આપેલ નથી તેઓ પોતાના મતાધિકારનો એજીએમમાં ઉપયોગ કરી શકે છે. જે સભ્યોએ રીમોટ ઈ-વોટીંગ મતદાન કરેલ છે, તેઓ એજીએમ માં હાજરી આપી શકે છે પરંતુ ફરીથી મતદાન કરી શકશે નહીં.

સભ્યો, રીમોટ ઈ-વોટીંગ સંદર્ભે કોઈપણ મુંઝવણ અથવા તકલીફ માટે www.evotingindia.com ઉપર આવેલ ''ફ્રીક્વન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ'' (''FAQs'') અને હેલ્પ સેકશનમાં રહેલ ઈ-વોટીંગ મેન્યુલ રીફર કરી શકે છે અથવા શ્રી રાકેશ દલવી, મેનેજર, સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમીટેડ, ૨૫ મો માળ, એ વીંગ, મેરેથોન ફ્યુચ્યુરેક્ષ, મફતલાલ મીલ કંપાઉન્ડ, એનએમ જોશી માર્ગ, લોવર પરેલ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૧૩, અથવા અહીં આપેલ ઈમેલ ઉપર લખી શકે છે : helpdesk.evoting@cdslindia.com અથવા ફોન : 1800 22 5533 નો સંપર્ક કરી શકશે.

કંપની ધારાની કલમ ૯૧ ની જોગવાઈઓ અને તે હેઠળના નિયમો અને લિસ્ટીંગ રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૪૨ ને આધિન રહી, કંપનીના સભ્યોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ બુધવાર, તા. ૨૪ જુલાઈ, ૨૦૧૯ થી મંગળવાર, તા. ૩૦ જુલાઈ, ૨૦૧૯ (બન્ને દિવસો સહિત) એજીએમ ના હેતુથી અને નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ડિવિડન્ડ મેળવવા માટે લાયક સભાસદો નક્કી કરવા માટે બંધ રહેશે.

એજીએમ સંદર્ભેની વધારાની માહિતી, કંપનીના શેર જે સ્ટોક એક્સચેન્જીસ પર લિસ્ટ થયેલ છે એટલે કે બીએસઈ લિમીટેડ ની વેબસાઈટ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમીટેડ ની વેબસાઈટ www.nseindia.com પર ઉપલબ્ધ છે.

વતી, કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિ.
સહી/-
બસંત કુમાર પરાશ્રમકા
તારીખ : ૬ જુલાઈ, ૨૦૧૯
ડે. પ્રેસિડેન્ટ (એફએન્ડએ) એન્ડ કંપની સેકેટરી


## શહેરના પાંચ બગીચાઓની ૧૧ કરોડ ખર્ચે કાયાપલટ કરાશે

### સે-૧,૪.૮,૧૯ અને સે-૨૨ના ઉદ્યાનોનુ નવિનીકરણ કરાશે : ગજીફો, વોકીંગ ટ્રેક, કિડઝ ઝોન, જંગલ જીમ સહીતના આકર્ષણો ઉભા કરાશે

ગાંધીનગર તા ૬
ગાંધીનગરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનો હરિયાળી અને આકર્ષણ ગુમાવી બેઠા છે. મરણપથારીએ પડેલા આ બગીચાઓની શિકલ બદલવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે. શહેરમાં અંદાજિત ૧૮ જેટલા બગીચાઓનુ નવિનીકરણ કરાશે. જેમાં હાલ સે-૧, ૪,૮ અને સે-૧૯ તેમજ સે-૨૨ ના બગીચાનુ કામ શરૂ કરાશે. આ બગીચાઓમાં જંગલ જીમ, વોકીંગ ટ્રેક,ગજીફો,કમ્પાઉન્ડ વોલ, કિડઝ પાર્ક સહીતની સઘળી સુવિધાઓ ઉભી કરાશે. જયારે આ ઉદ્યાનોની કાયાપલટ કરવા માટે અંદાજિત રૂ ૧૧ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં સેકટરોમાં સ્થિત ઉદ્યાને મરણપથારીએ પડયા છે. સેકટરોમાં મોટાભાગના ઉદ્યાનો જાળવણીના અભાવે હરિયાળી ગુમાવી રહ્યા છે. એક જમાનામાં આ બગીચાઓ સેકટરની આગવી આળખ ગણાંતા હતા. પરંતુ લાંબા સમયથી ઉદ્યાનો તરફ તંત્રએ ધ્યાન ન આપતા બગીચાઓ વેરાન બનતા જાય છે. ત્યારે સેકટરોન આ બગીચાઓની શિકલ બદલવા માટે કોર્પોરેશને નવીન યોજના તૈયાર કરી છે. હાલ કોર્પોરેશન હસ્તક નગરના સેકટરોના કુલ ૧૮ ઉદ્યાનો છે. જયારે આ બગીચાઓના નવિનીકરણ માટે તબક્કારવાર આયોજન કરવામાં આવશે. હાલ શહેરના સે-૧ ,૪,૮, ૧૯ અને સે-૨૨ ના બગીચાઓની કાયાપલટ કરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. આ યોજના અન્વયે મોટાભાગના ઉદ્યાનોમાં હરિયાળી લોન, બાઉન્ડ્રી વોલ, કિડ્સ પ્લે,ફલોરીંગ, મલ્ટીપલ પ્લેય સિસ્ટમ, ગઝીબો, સીટીંગ એરિયા,જંગલ જીમ, ઈલેક્ટ્રીકનુ કામ, જોગીંગ ટ્રેક,સ્ટેપીંગસ્ટોન, સિક્યુરીટી રૂમ સહીતની સુવિધાઓ ઉભી કરાશે.સ્થાનિક રહીશો માટે આ ઉદ્યાનો નમુનારૂપ બનશે.શહેરના આ પાંચ બગીચાઓના નવિનીકરણ માટે અંદાજિત રૂ ૧૧ કરોડનો ખર્ચ કરાશે. સેકટરોના બગીચાઓની શિકલ બદલાઈ જશે. જયારે સ્થાનિકોને પણ ઘર આંગણે હરિયાળા અને સુવિધાયુકત પાર્કનો નઝારો નિહાળવા મળશે. બાળકો માટે પણ વિશેષ આકર્ષણ ઉભુ થશે. આ કામગીરીને અનુલક્ષીને સંબંધિત એજન્સીને કામ સોંપી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં કામ શરૂ કરી દેવાશે.

## ધી ગાંધીનગર અર્બન કો - ઓ બેંકના ચેરમેન તરીકે નગરના અગ્રણી વેપારી કાલિદાસ પટેલ

### બેંકના વિકાસ અને પ્રગતિની ખાત્રી આપી સર્વે હોદેદારો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી : વાઇસ ચેરમેન તરીકે પ્રકાશ પટેલ તેમજ મેનેજીંગ ડીરેક્ટર તરીકે પ્રહલાદભાઇ પટેલની વરણી







ગાંધીનગર તા ૬
ધી ગાંધીનગર અર્બન કો-ઓ બેન્ક લી ની આજે મળેલી સભામાં વર્ષ ૨૦૧૯-૨૦ માટેના નવા હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં બેંકના ચેરમેન તરીકે નગરના અગ્રણી વેપારી કાલિદાસ વિઠ્ઠલભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ તબક્કે તેમણે બેંકના વિકાસ અને પ્રગતિ માટે સભાસદોને ખાતરી આપી તેમની ફરીવાર નિમણુંકને આવકારી સૌ હોદેદારો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.

ધી ગાંધીનગર અર્બન કો ઓપરેટીવ બેન્ક લીમિટેડના બાર્ડ ઓફ ડિરેકટર્સની આજે બેઠક મળી હતી. બેંકના પુર્વ ચેરમેન ડાહ્યાભાઈ ટી પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી આ સભા દરમિયાન વર્ષ ૨૦૧૯-૨૦ના હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં બેંકના ચેરમેન તરીકે નગરના અગ્રણી વેપારી કાલિદાસ વિઠ્ઠલભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી. જયારે વાઈસ ચેરમેન તરીકે ગાંધીનગરના પુર્વે કોર્પોરેટર અને જાણીતા બિલ્ડર ભદ્રેશભાઈ રામભાઈ પટેલ તેમજ મેનેજીંગ ડિરેકટર તરીકે નગરના અગ્રણી વેપારી તેમજ સામાજિક કાર્યકર પ્રકાશભાઈ શંકરભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com